દક્ષિણ ગુજરાતના આદિજાતિ જિલ્લામાં આદિજાતિ ખેડૂતોને "ખાસ પ્રોજેક્ટ હેઠળ ફળાઉ ઝાડના રોપાઓનું વિતરણ" કરવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક:TDD/VVY/e-file/25/2022/0699/P**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૯/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : VKY-102019-546-P.

(૨) ડેવલપમેંટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૨૪/૦૯/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:D-SAG/0075/09/2024.

**પ્રસ્તાવના:**

આદિજાતિ વિસ્તારમાં લોકોની આવક વધે અને તેમનું જીવન ધોરણ ઊંચુ આવે તે હેતુથી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના ઠરાવથી દક્ષિણ ગુજરાતના આદિજાતિ ખેડૂતોને "ખાસ પ્રોજેક્ટ હેઠળ ફળાઉ ઝાડના રોપાઓનું વિતરણ" કરવા બાબતની યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના ઠરાવમાં લાભાર્થીની પાત્રતાનો તેમજ લાભાર્થીઓને કેટલી વખત યોજનાનો લાભ આપવામાં આવશે તે બાબતનો ઉલ્લેખ ન હોઇ, ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨)ના પત્રથી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ), ગાંધીનગર દ્વારા આ યોજનાના ઠરાવમાં સુધારો કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવઃ**

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)ના દક્ષિણ ગુજરાતના આદિજાતિ ખેડૂતોને "ખાસ પ્રોજેક્ટ હેઠળ ફળાઉ ઝાડના રોપાઓનું વિતરણ" કરવા અંગેના ઠરાવની શરતોમાં નીચે મુજબની શરતો આમેજ કરવામાં આવે છે:

"**શરત નં. ૧૧ - લાભાર્થી પાત્રતા:**

૧. પીવીટીજી આદિજાતિ ખેડુત

૨. દિવ્યાંગ આદિજાતિ ખેડુત

૩. વિધવા/ત્યકતા આદિજાતિ ખેડુત

૪.FRA/નાના અને સીમાંત આદિજાતિ ખેડુત (ઓછી જમીન ધરાવતા આદિજાતિ ખેડૂતને પ્રાથમિકતા આપવી)

**શરત નં. ૧૨ - યોજના હેઠળ લાભાર્થીને ૦૧ વાર જ યોજનાનો લાભ આપવામાં આવશે.**"

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે તથા તે મુજબ યોજનાની અમલવારી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by:Disha R Patel
Section Officer
Date: 2024.11.05
12:57:35 +05:30

**દિશા પટેલ**

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (કૃષિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી(આ.વિ.) કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર:૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી (ખેતી), ખેતી નિયામકની કચેરી, કૃષિ ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Disha R Patel
Section Officer
Date: 2024.11.05
12:57:35 +05:30